# ધાનેરા નગરપાલિકાનું મહિનામાં બે વાર વીજ કનેક્શન કપાયું

## ધાનેરા નગરપાલિકાએ સરકારી મિલ્કતોના પાણી કનેક્શન કાપ્યા






ધાનેરા, તા.૧૮ ધાનેરા નગરપાલિકાનું વીજ કનેકશન એક મહિનામાં બે વાર કપાઈ જતા લોકોમાં ચકચાર મચી જવા પામી છે તો બીજી તરફ પાલિકા દ્વારા ધાનેરાની પાંચ થી પણ વધુ સરકારી કચેરીના પાણી કનેક્શન કાપી નાખવામાં આવ્યા છે.

થોડા દિવસ અગાઉ ધાનેરા વિદ્યુત બોર્ડ દ્વારા નગરપાલિકા ઓફિસ નું વીજ કનેક્શન કાપી નાખતા પાલિકાના કામો અટવાઈ જવા પામ્યા હતા અને લોકોને પણ ભારે મુશ્કેલીનો સામનો કરવો પડયો હતો ત્યાર બાદ પાલિકા દ્વારા ઓછા પૈસા ભરી વીજ કનેક્શન ચાલુ કરાયું હતું પરંતુ બાકી નીકળતા પૈસા આજ દિવસ સુધી ન ભરતાં આજે ફરી વાર ધાનેરા વિદ્યુત બોર્ડ દ્વારા નગરપાલિકા ઓફિસનું વીજ કનેક્શન કાપી નાખતા ધાનેરામાં ચકચાર મચી જવા પામી છે.

ધાનેરા નગરપાલિકા દ્વારા આજે ધાનેરાની સરકારી વસાહત, સર્કિટ હાઉસ, આઈ.સી.ડી.એસ શાખા, બી.આર.સી.ભવનના પાણી કનેક્શન કાપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ધાનેરા મામલતદાર કચેરી તેમજ પોલીસ સ્ટેશનને બાકી નીકળતા વેરા ભરવા માટે ૨૪ કલાકની નોટિસ આપવામાં આવી છે અને આ કચેરી પણ વેરો નહિ ભારે તો તેમના પણ કનેક્શન કાપી નાખવામાં આવશે.




## પ્રાંતિજમાં બે દુકાનના તાળાં તુટયાં

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે આવેલ એપ્રોચરોડ ભાંખરીયા વિસ્તારમાં આવેલ બે દુકાનોના રાત્રી ના સમયે તસ્કરો તાળાં તોડી એક દુકાનમાંથી ૫૦૦ની પરચુરણ અને બીજી દુકાનમાંથી દોઢ કિલ્લો આઈસ્કીમ ઝાપટીને સંતોષ માન્યો. પ્રાંતિજ શ્રીજી રોડ સમાન એપ્રોચ રોડ ઉપર રાત્રીનાં સમયે રોડ ઉપર આવેલ બે દુકાનના તાળાં તુટ્યા હતા. જેમાં અમુલ પાર્લરમાંથી ગલ્લાંમાંથી ૫૦૦ની પરચુરણ લઈ ગયાં હતાં અને ગોપીનાથ કોમ્પલેક્ષમાં આવેલ પ્રેમ મેવાડા આઈસ્કીમની દુકાનના તાળાં તોડી ગલ્લાંના ઢવરો વેર વિખેર કરી અંદરથી કાંઇ રોકડ રકમ મળી ના આવતા ફીઝમાં રહેલ આઈસ્કીમના નળામાંથી દોઢ કિલ્લો અમેરિકન ડ્રાયફ્રુટ આઈસ્કીમ ઝાપટી ગયાં હતાં અને સંતોષ માન્યો હતો ત્યારે રાત્રીના સમયે પોલીસ પેટ્રોલિંગ વધે તેવી માંગ વેપારીઓ દ્વારા ઉઠવા પામી છે.

# થરામાં કરિયાણાની દુકાનમાં ૮૨ હજારના મત્તાની ચોરી

થરા મુકામે બસસ્ટેન્ડથી ટોટાણા તરફના સર્વિસ રોડ પર આવેલ કરીયાણાની દુકાનને રાત્રીના સુમારે તસ્કરોએ નિશાન બનાવી હતી. તસ્કરોએ દુકાનના તાળા તોડી તેલના ડબ્બા અને કરિયાણાની કુલ ૮૨ હજારની ચીજવસ્તુઓ લઈ પલાયન થઈ ગયા હતા. આ બનાવ અંગે પોલીસે ચોરીની





ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે. થરા બસસ્ટેન્ડથી ટોટાણા તરફના સર્વીસ રોડ પર આવેલ અજીતકુમાર શાહ કરિયાણાની દુકાન આવેલી છે. રાત્રીના સમયે કેટલા તસ્કરોએ આ દુકાનને નિશાન બનાવી હતી અને દુકાનના તાળા તોડી તેમાં પ્રવેશ કર્યો હતો. તસ્કરોએ તેલના ડબ્બા અને કરિયાણાની ચીજવસ્તુઓ મળી રૂ. ૮૨,૨૦૦નો મુદ્દામાલની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. આ ચોરી અંગે દુકાન માલિકને જાણ થતા માલિક નવીનભાઈ શાહે થરા પોલીસ મથકમાં ફરિયાદ દાખલ કરાવતા પોલીસે ચોરીની ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# યાત્રાધામ અંબાજીમાં ડિઝિટલ ડોનેશનથી લાખો રૂપિયાનું દાન થયું જમા

## નોટબંધી પર વડપ્રધાન નરેન્દ્ર મોદીના નિર્ણયને માઇભક્તોએ દેશ ના ભવિષ્ય માટે જરૂરી હોવાનું ગણાવ્યો

પાલનપુર, તા.૧૮

૫૦૦ અને ૧૦૦૦ રૂપિયાની ચલણી નોટ બંધ કરાતા મંદિરોમાં ભીડ ઓછી જોવા મળી રહી હતી અને ભક્તોને દાન કરવામાં પણ તકલીફ પડી રહી હતી. જો કે તાજેતરમાં અંબાજી ખાતે મુખ્યમંત્રી વિજય રૂપાણીના હસ્તે સ્વાઈપ મશીન દ્વારા પત્નીના નામે રૂ. ૩૧,૦૦૦નું દાન કરી ડિઝિટલ ડોનેશનનો શુભારંભ કરવામાં આવ્યો હતો. જેમાં એચડીએફસી બેંક દ્વારા ૩ અને એસબીઆઈ દ્વારા બે સ્વાઈપ મશીન મૂકવામાં આવ્યા છે. ભક્તો પોતાના ડેબિટ અને ક્રેડિટ કાર્ડથી મંદિરમાં દાન કરાવી શકે તેવી વ્યવસ્થા ગોઠવામાં હતી. નોટબંધી બાદ ડિઝિટલ ડોનેશનમાં લાખો રૂપિયાનું માઈભક્તો અંબાજી મંદિર માં દાન કરે છે. અંબાજી ઉપરાંત ગુજરાતના સુપ્રસિદ્ધ સોમનાથ, દ્વારકાધીશ, અંબાજી, બહુચરાજી સહિતના મંદિરોના વહીવટી તંત્ર દ્વારા કેશલેસ દાન તેમજ ભક્તો માટે ઈ-વોલેટ જેવી સુવિધા શરૂ કરવા માટે મોબાઈલ વોલેટની સર્વિસ આપતી કંપનીઓ સાથે ચર્ચા ચાલી રહી છે. ટૂંક સમયમાં ગુજરાતના આ મંદિરોમાં ઈ-વોલેટ દ્વારા દાન સ્વીકારશે. ૫૦૦ અને ૧૦૦૦ રૂપિયાની નોટબંધીની અસર માત્ર લોકોને જ નહીં પણ ગુજરાતના મુખ્ય મંદિરોમાં પણ પડી રહી છે. ગુજરાતના મોટા મંદિરોની દાન પેટીઓ ભક્તોના દાનથી છલકાતી હતી જો કે નોટબંધી બાદ સુપ્રસિદ્ધ અંબાજી ધામ ખાતે સ્વાઈપ મશીન દ્વારા માઈ ભક્તો દાન આપી રહ્યા છે. દૂર દૂરથી આવતા માઈભક્તનો ડિઝિટલ ડોનેશન પર સારો એવો પ્રતિસાદ મળી રહ્યો છે. મધ્યપ્રદેશ અને મુંબઈથી આવેલ માઈ ભક્તો એ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નોટબંધીના નિર્ણયને દેશના ભવિષ્ય માટે જરૂરી ગણાવ્યો હતો તેમજ અંબાજી મંદિરમાં સ્વાઈપ મશીન દ્વારા ડેબિટ અને ક્રેડિટ કાર્ડથી ડિઝિટલ ડોનેશનથી દાન આપવાની સુવિધાને બિરદાવી હતી.



# પ્રાંતિજમાં ઈલેકટ્રોનિકની દુકાનમાં આગ લાખોનો માલસામાન બળીને ખાખ

પ્રાંતિજ, તા.૧૮

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે ઈલેકટ્રોનિકની દુકાનમાં વહેલી સવારે આગ લાગતાં દુકાનમાં રહેલ લાઈટ ફીટીગ નો બધો સામાન બળી સ્વાહા થઈ ગયો હતો.

પ્રાંતિજ એપ્રોચરોડ ઉપર આવેલ ગોપીનાથ કોમપ્લેક્ષના બીજા માળે આવેલ જય અંબે સેલ્સ ઈલેટ્રોનિકની દુકાનમાં વહેલી સવારે શોટ શર્કિટના કારણે આગ લાગી હતી. જયારે પ્રાંતિજ ફાયર ફાયટરને આગના સમાચાર મળતાં તાત્કાલિક





ફાયર ફાયટર ટીમ ઘટના સ્થળે દોડી આવી હતી અને આગ ઉપર પાણીનો મારો ચાલુ કરી આગ ઉપર કાબુ મેળવ્યો હતો પણ આગ એટલી ભયંકર હતી કે જોત જોતાંમાં દુકાનમાં રહેલ બધો માલ સામાન આગમાં સ્વાહા થઈ ગયો હતો અને આગના કારણે દુકાન માલિકને લાખ્ખોનું નુકશાન થયું હોવાનું જાણવાં મળ્યું છે.

મુકેશભાઈ, ગોપાલભાઈ સહિત





સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાનાં પોગલુ ખાતે મફત નેત્ર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૨૨૨ લોકોએ પોતાની આંખોની તપાસ ર્ડાકટરી સેવાનો લાભ લીધો હતો. પ્રાંતિજના પોંગલુ ખાતે આવેલ એસ.જી. પટેલ હાઈસ્કૂલ ખાતે સદવિચાર પરિવાર હિંમતનગર અને ક્રિષ્ણા સાર્વજનિક હોસ્પિટલ તથા જાયન્ટ ગ્રુપ પ્રાંતિજ અને પોંગલુના સંયુકત ઉપક્રમે મફત નેત્ર કેમ્પ યોજાયો હતો. જેમાં પોંગલુ ખાતે રહેતાં ગ્રામજનોએ આંખોની તપાસ કરાવવામાં આવી જેમાં ૨૨૨ લોકોએ લાભ લીધો હતો. જેમાં ર્ડા. કોમલબેન નાયક ર્ડા. જૈમિકભાઈ બારોટ દ્વારા ર્ડોકટરી સેવા આપવામાં આવી હતી. જયારે ૪૬ જેટલાં લોકોને મોતીયાના ઓપરેશન નેત્રમણી નાંખીને ક્રિષ્ણા સાર્વજનિક હોસ્પિટલ હિંમતનગર ખાતે મફત સેવાઓ આપવામાં આવશે જયારે ૮૦ લોકોએ ચશ્માનો લાભ લીધો હતો ત્યારે ર્ડાકટર એન.કે. ડેરીયા, સુનીલદાસજી મહારાજ, રમેશભાઈ પટેલ, પોગલુ સરપંચ વગેરે દ્વારા વિવિધ સેવાઓ પુરી પાડવામાં આવી હતી.

## પાલનપુરની પબ્લિસિટી એજન્સી સામે ફરિયાદ

પાલનપુરની પ્રથમ સોસાયટીમાં રહેતા વિપુલ કનૈયાલાલ ભટ્ટ ડીસા હાઈવે પર વિપુલ પબ્લિસિટી નામની એડ એજન્સી ચલાવે છે. કોરલ કોર્પોરેશનના કોરલ ગ્રાફિક્સ સોફ્ટવેરનો પોતાના વ્યાપારિક હિતો માટે ઉપયોગ કરી કોરલ કોર્પોરેશનના આર્થિક હિતોને નુકસાન પહોંચાડી આઈ.ટી.એક્ટ ૨૦૦૦નો ભંગ કરવા બાદલ કંપનીના અધિકારી યોગેશ સદાશિવ જગદાલે રહે. મહારાષ્ટ્ર એ વિપુલ ભટ્ટ સામે પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## પોલીસનો ખબરી હોવાની આંશકાએ યુવાન પર હુમલો

પાલનપુર શહેરની ભાગ્યોદય સોસાયટી નજીક પોલીસનો ખબરી હોવાની આંશકાએ એક યુવક પર પાંચ ઈસમોએ હુમલો કર્યો હોવાની ફરિયાદ પાલનપુર શહેર પૂર્વ પોલિસ સ્ટેશને નોંધાઈ હતી. પાલનપુરની ભાગ્યોદય સોસાયટી પાસે ૫ ઈસમોએ દારૂની માહિતી લીક કરવા બાબતે કેતન ગુપ્તા નામના યુવક પર હુમલો કર્યો હતો. યુવક ને માર મારી સોનાની ચેન ઝૂંટવી ફરાર થઇ ગયા હતા. આ અંગે નીરવ બારોટ, કમલેશ ઠક્કર અને ૩ અજાણ્યા ઈસમો સહિત ૫ સામે પાલનપુર પૂર્વ પોલીસ મથકે ફરિયાદ નોંધાતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### અરવલ્લીમાં અત્તર બનાવવા માટે

# પામારૂઝા-જામારૂઝા નામની વનસ્પતિની ખેતી વિકસાવાઈ

## આ ખેતી માટે જંતુનાશક દવાઓનો ઉપયોગ પણ કરવો પડતો નથી, વીઘા જમીનમાંથી ૧૦ લીટર અત્તર તૈયાર થાય છે







મોડાસા, તા. ૧૮

અરવલ્લી જિલ્લામાં એક એવુ ગામ છે જ્યાં એવી વનસ્પતિની ખેતી કરવામાં આવે છે કે જેમાંથી અત્તર બને છે અને આ અત્તર પણ ખેડૂત પોતાના ખેતરમાં જ જરૂરી સાધનો જેવા કે બોઈલર વસાવીને કરે છે. ખાસ પ્રકારની વનસ્પતિમાંથી ખેડૂત ત્રણ થી ચાર માસમાં એક વીઘા જમીનમાંથી ૧૦ લિટર જેટલું સેન્ટ પેદા કરે છે અને વર્ષ દરમિયાન ૪૦ લિટરથી વધુ અત્તર તૈયાર કરી બજારે મોકલે છે.

આધુનિક ટેકનોલોજીના યુગમાં ખેતી ક્ષેત્રે પણ હવે ક્રાંતિ આવી છે અને કિસાનો દ્વારા દિન-પ્રતિદિન ખેતીમાં વિવિધ પ્રયોગો હાથ ધરી કંઈક નવું સંશોધન થતું જોવા મળે છે ત્યારે અહીં વાત છે મોડાસા તાલુકાના ડૉક્ટર કંપાની છે જ્યાં એવા ખાસ પ્રકારની બે વનસ્પતિઓ પામારૂઝા અને જામારૂઝા વનસ્પતિઓ ઉગાડીને પાક તૈયાર થયા પછી તેને લણીને ખેતરમાં ઉભા કરાયેલા ખાસ પ્લાન્ટમાં તેની પ્રક્રિયા કરી આ વનસ્પતિમાંથી તેલ બનાવવાનું આવી રહ્યું છે. આ નવતર પ્રયોગને લઈને અનેક ખેડૂતો પણ અહીં આ ખેતી નિહાળવા અને તેનો પ્રયોગ કરવા માટે પ્રેરાઈ રહ્યા છે.

મોડાસાના ડૉક્ટર કંપાના રહીશ ખેડૂત મણીભાઈ પટેલને પૂછતાં તેમણે આ ખેતી અંગે વિગતો આપતાં જણાવ્યું હતું કે આ ખેતીમાં કોઈપણ પ્રકારની જંતુનાશક દવાઓનો ઉપયોગ કરવો પડતો નથી અને બે થી ત્રણ માસમાં તેની ઉપજ પણ લઈ શકાય છે જેમાં એક વીઘા જમીનમાંથી ૧૦ લિટર સેન્ટ બને છે. તેની પ્રક્રિયા અંગે તેમણે જણાવ્યું કે ખેતરમાં જ્યારે આ પાક તૈયાર થઈ જાય તે પછી તેનું કટિંગ કરવામાં આવે છે અને ખેતરમાં જ ગોઠવેલ નાનકડા પ્લાન્ટમાં બોઈલરમાં ઘાસ કાપીને નાખવામાં આવે છે. ઘાસ જેવી લાગતી આ વનસ્પતિ લીલી હોય ત્યારે સીધી જ બોઈલરમાં નાખવામાં આવે છે પરંતુ, સુકાઈ ગઈ હોય તો તેના પર પાણીનો છંટકાવ કર્યા પછી તેને બોઈલરમાં નાખવામાં આવે છે.

ત્યાર પછી બોઈલરની નીચે અગ્નિ પ્રગટાવીને બે કલાક સુધી તેને ગરમ કરવામાં આવે છે આમ ગરમ થયેલા બોઈલરમાંથી બનેલી વરાળ નળી મારફતે બીજા બોઈલરમાં જાય છે જ્યાં વરાળ ઠંડી થયા પછી તેમાંથી સેન્ટ બની જાય છે.

આ રીતે પામારૂઝા અને જામારૂઝા નામની ખાસ પ્રકારની વનસ્પતિ આ પ્રક્રિયા પછી જે કાચુ અત્તર આપે છે તે લિટરે રૂ. ૧૩૦૦થી ૧૫૦૦ના ભાવે બજારોમાં વેચાય છે અને અમદાવાદ, મુંબઈ અને દિલ્હી જેવા મહાનગરોના વેપારીઓ તે ખરીદી લે છે. આમ, વૈજ્ઞાનિક પદ્ધતિથી અવનવી ખેતી વિકસાવીને અને ખાસ પ્રકારની આ વનસ્પતિમાંથી અત્તર બનાવવાની નવતર પદ્ધતિએ સમગ્ર જિલ્લામાં નવી સિદ્ધિ હાંસલ કરી છે.